# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org


પ્રેસનોટ-૦૧ તા. ૦૫.૦૪.૨૦૧૯

**તારીખ ૧૦ એપ્રિલ, ૨૦૧૯ના રોજ પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી ગુજરાતના પ્રવાસે**

-----------

**પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીની ૧૦ એપ્રિલે જુનાગઢ અને સોનગઢ ખાતે વિશાળ જનસભાને સંબોધન કરશે – શ્રી જીતુભાઇ વાઘાણી**

-----------

**આવતીકાલે તારીખ ૬ એપ્રિલ, ૨૦૧૯ના રોજ ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષ અને ગાંધીનગર લોકસભાના ઉમેદવાર શ્રી અમિતભાઇ શાહ અમદાવાદ ખાતે બે તબક્કામાં ભવ્ય રોડ-શો યોજાશે – શ્રી જીતુભાઇ વાઘાણી**

-----------

ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણીએ ઇલેક્ટ્રોનિક મીડિયાને સંબોધતા જણાવ્યુ હતુ કે, આગામી તારીખ ૧૦ એપ્રિલ, ૨૦૧૯ના રોજ પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી ગુજરાતના પ્રવાસે પધારી રહ્યા છે, જુનાગઢ અને સોનગઢ ખાતે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી વિશાળ જનસભાને સંબોધન કરશે.

પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીની ૧૦ એપ્રિલે સવારે ૯.૦૦ કલાકે જુનાગઢ ખાતે જુનાગઢ લોકસભા અને પોરબંદર લોકસભા વિસ્તારની જનતાને સંબોધન કરશે તેમજ બપોરે ૧૨.૦૦ કલાકે સોનગઢ ખાતે બારડોલી લોકસભા અને નવસારી લોકસભા વિસ્તારની જનતાને સંબોધન કરશે.

શ્રી વાઘાણીએ જણાવ્યુ હતુ કે, આવતીકાલે તારીખ ૦૬ એપ્રિલ, ૨૦૧૯ શનિવારે ભારતીય જનતા પાર્ટીના સ્થાપના દિન નિમિતે ગાંધીનગર લોકસભાના ઉમેદવાર અને રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી અમિતભાઇ શાહ સાહેબનો વેજલપુર અને સાબરમતી વિધાનસભામાં લોકસંપર્ક રેલી-રોડશો યોજાશે.

આવતીકાલે તારીખ ૬ એપ્રિલ, ૨૦૧૯ના રોજ ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષ અને ગાંધીનગર લોકસભાના વિજયી ઉમેદવાર શ્રી અમિતભાઇ શાહ કર્ણાવતી મહાનગરમાં બે તબક્કામાં ભવ્ય રોડ-શો દ્વારા લોકસંપર્ક રાઉન્ડમાં હજારો કાર્યકર્તાઓ સાથે પોતાના મતવિસ્તારના લોકોનું અભિવાદન ઝીલશે.

આવતીકાલે સવારે ૯.૩૦ કલાકે વેજલપુર - વણઝાર - સરખેજ ગામ - રોજા - શ્રીનંદનગર - જીવરાજપાર્ક - દેવાશ ફ્લેટ - સ્વામીનારાયણ મંદિર - શ્યામલ બ્રીજ - શ્યામલ ૧૦૦ ફૂટ રોડ - હરણ સર્કલ - શ્રધ્ધા સ્કુલ ચાર રસ્તા - જોધપુર ચાર રસ્તા - માનસી સર્કલ - વસ્ત્રાપુર શહિદ ચોક થઇ હવેલી મંદિર ખાતે બપોરે ૧૨.૩૦ કલાકની આસપાસ પ્રથમ રાઉન્ડનું સમાપન થશે.

વેજલપુરથી વસ્ત્રાપુર સુધી તમામ રૂટ પર હજારોની સંખ્યામાં સ્થાનિકો, સામાજીક સંસ્થાઓ, ધર્મસ્થાનો, વેપારી મંડળો, સહકારી આગેવાનો દ્વારા વિવિધ સ્થળોએ શ્રી અમિતભાઇ શાહનું વિવિધ પ્રકારે સ્વાગત કરવામાં આવશે.

આ રોડ-શો લોકસંપર્કનો બીજો તબક્કો સાંજે ૫.૩૦ કલાકે શરૂ થશે. જે રાણીપથી નિર્ણયનગર ગરનાળા થઇ ચાંદલોડીયા ઉમિયા હોલ - વંદે માતરમ્ રોડ - કંકુનગર - દૂર્ગા સ્કુલ - સરદાર ચોક - નવનિર્માણ સ્કુલ - રાણીપ બસસ્ટેન્ડ - શ્રી રાધા સ્વામી રોડ - સાબરમતી પાવરહાઉસ - રામનગર - રામબાગ રોડ - નીલકંઠ મહાદેવ - હરિઓમ સોસાયટી (મહાવીર હોસ્પિટલ) - દેવભૂમિ રોડના સ્થળે સમાપન થશે.

વેજલપુર અને સાબરમતી વિસ્તારમાં આવનારા તમામ રૂટ પર વિવિધ સ્થળોએ ઢોલ-ત્રાંસા-નગારા-ફુલહાર-ફુલની પાંદડીઓથી સાથે હદયના ઉંડાણથી શ્રી અમિતભાઇ શાહને ભવ્ય વિજયના શૂભાષિશ આપવા હજારોની સંખ્યામાં જનમેદની ઉમટી પડશે. વિશિષ્ટ પ્રકારના સ્વાગત અને કાર્યકર્તાઓના પ્રેમ અને ઉત્સાહથી સમગ્ર માહોલ ભાજપામય બની રહેશે અને ગાંધીનગર લોકસભા બેઠક પર શ્રી અમિતભાઇ શાહ ઐતિહાસિક લીડ સાથે વિજયી બનશે.

શ્રી વાઘાણીએ વધુમાં જણાવ્યુ હતુ કે, આવતીકાલે રાત્રી સમયે શ્રી અમિતભાઇ શાહ ઘાટલોડીયા વિધાનસભાના બોપલ મંડલમાં આવતાં વિવિધ સોસાયટીઓના રહેવાસીઓ સાથે બેઠક કરી સીધો સંવાદ કરશે.

**(પ્રશાંત વાળા)**
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ

**ભારતીય જનતા પાર્ટી**
**ગુજરાત પ્રદેશ**
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૨ તા. ૦૫.૦૪.૨૦૧૯

-----------

**રક્ષા મંત્રી શ્રીમતી નિર્મલા સીતારામનજી**
**આવતીકાલે ૬ એપ્રિલે સવારે ૧૧.૦૦ કલાકે વડોદરા ખાતે જ્યુબેલી બાગ ખાતે**
**પ્રબુધ્ધ સંમેલનમાં સંબોધન કરશે.**

-----------

**બપોરે ૩.૦૦ કલાકે ટાઉન હોલ આણંદ ખાતે મહિલા સંમેલનમાં સંબોધન કરશે**

-----------

**સાંજે ૬.૩૦ કલાકે ગાંધીનગર લોકસભામાં આર.કે.રોયલ હોલ,સાયન્સ સીટી રોડ, અમદાવાદ ખાતે**
**પ્રબુધ્ધ નાગરિક સંમેલનમાં સંબોધન કરશે.**

-----------

ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણીએ ઈલેકટ્રોનિક મીડિયાને સંબોધતા જણાવ્યુ હતુ કે, આવતીકાલે તારીખ ૦૬ એપ્રિલ, ૨૦૧૯ શનિવારના રોજ **સાંજે ૬.૩૦ કલાકે ગાંધીનગર લોકસભામાં** આર.કે.રોયલ હોલ,સાયન્સ સીટી રોડ, **અમદાવાદ** ખાતે પ્રબુધ્ધ નાગરિક સંમેલનમાં સંબોધન કરશે. ભાજપા રાષ્ટ્રીય અધ્યક્ષ અને ગાંધીનગર લોકસભાના ભાજપાના ઉમેદવારશ્રી અમિતભાઈ શાહના પ્રચાર અર્થે રક્ષામંત્રી શ્રીમતી નિર્મલા સીતારામન પ્રબુદ્ધ નાગરિકો સાથે સીધો સંવાદ કરશે. જેમાં ભારતીય જનતા પાર્ટીના સુશાસનના ૦૫ વર્ષની સિધ્ધિઓ તેમજ ભવિષ્યની યોજનાઓ અંગે વિચાર વિમર્શ કરશે.

શ્રી વાઘાણીએ જણાવ્યુ હતુ કે, રક્ષામંત્રી શ્રીમતી નિર્મલા સીતારામનજી આવતીકાલે **સવારે ૧૧.૦૦ કલાકે વડોદરા ખાતે** જ્યુબેલી બાગ ખાતે પ્રબુધ્ધ સંમેલનમાં સંબોધન કરશે. ત્યારબાદ બપોરે **૩.૦૦ કલાકે ટાઉન હોલ આણંદ ખાતે** મહિલા સંમેલનમાં સંબોધન કરશે. શ્રીમતી સીતારામન ભારતીય સરહદોની સુરક્ષા અર્થે NDA સરકાર દ્વારા અને ખાસ કરીને દેશના યશસ્વી પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના મક્કમ મનોબળ અને દ્રઢ રાજકીય ઈચ્છાશક્તિથી લેવાયેલા રાષ્ટ્રહિતના નિર્ણયોથી નાગરિકોને અવગત કરશે.

(પ્રશાંત વાળા)
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૩ તા. ૦૫.૦૪.૨૦૧૯

-----------

**સ્વરાજ્ય પછી હવે આપણે સુરાજ્ય માટે લડવાનું છે – શ્રી વિજયભાઇ રૂપાણી**

-----------

**દેશમાં બેઠેલાં ૨૦૧૪ પહેલાંના શાસકોએ આતંકવાદને પોષવા માટે પ્રજાના નાણાંનો ઉપયોગ કરતાં હતાં – શ્રી વિજયભાઇ રૂપાણી**

-----------

**જેમ માછલી પાણી વિના તરફડે છે, તેમ કોંગ્રેસ અને તેને સમર્થન કરતાં પક્ષો સત્તા વિના તરફડે છે – શ્રી વિજયભાઇ રૂપાણી**

-----------

**રાહુલ ગાંધી સંસદ ઉપર થયેલ હુમલાનો માસ્ટર માઇન્ડ અફઝલ ગુરૂની વરસી પર જે.એન.યુ.મા ભારતના ટુકડે ટુકડા કરનારી ગેંગના સમર્થનમાં જોડાયા હતાં – શ્રી વિજયભાઇ રૂપાણી**

-----------

આજરોજ ગોવિંદગુરૂની ધરતી દાહોદ જિલ્લાના સુખપર ખાતે માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ એક વિશાળ જનમેદનીને સંબોધન કરી લોકસભાની ચૂંટણીના શ્રીગણેશ કર્યા હતાં. આ પ્રસંગે જિલ્લા અધ્યક્ષ શ્રી શંકરભાઇ, ભાજપાના લોકસભાના પ્રભારી શ્રી અમિતભાઇ ઠાકર, મહિસાગર જિલ્લાના પ્રમુખ શ્રી જે. પી.પટેલ, ધારાસભ્યશ્રીઓ તથા અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યાં હતાં.

મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ સભાને સંબોધીત કરતાં જણાવ્યું હતું કે, ગોવિંદગુરૂએ અંગ્રેજો સામે લડી દેશ માટે બલિદાન આપ્યાં હતાં. તેઓ સ્વરાજ્ય માટે લડ્યાં હતાં. સ્વરાજ્ય પછી હવે આપણે સુરાજ્ય માટે લડવાનું છે. કેન્દ્રમાં ભાજપાના શાસન પહેલાં ૧૦ વર્ષથી યુ.પી.એ.ની રીમોટવાળી સરકાર ચાલતી હતી. આનાથી દેશને પેરાલીસીસ થઇ ગયો હતો. આ દેશ ભ્રષ્ટાચારીઓનો બની ગયો હતો. આથી દેશની વિદેશની અંદર છબી ખૂબ જ ખરડાઇ હતી.

ભાજપાએ ૨૦૧૪માં એક સુત્ર આપ્યું હતું કે, "અચ્છે દિન આયેંગે" જેનાથી દેશમાં એક ઇમાનદાર પ્રધાનમંત્રીની માંગ ઉઠવા પામી હતી, પરિણામે દેશને એક ઇમાનદાર પ્રધાનમંત્રી મળ્યાં છે. દેશની જનતાએ જોયેલા સ્વપ્નને સાકાર કર્યા છે. અગાઉના મુક પ્રધાનમંત્રીશ્રી મનમોહનસિંહની સરકારમાં આતંકવાદીઓએ મુંબઇને ૩ દિવસ માટે બાનમાં લીધુ હતું, એ સમયે અસંખ્ય નિર્દોષોના મૃત્યું થવા છતાં તેઓ કહેતાં હતાં કે, હમ દેખેંગે, હમ સોચેંગે, જ્યારે ૨૦૧૪ પછી રચાયેલ ભાજપા અને એન.ડી.એ.ની સરકારે દેશમાં થયેલ ઉરી અને પુલવામા હુમલામાં શહીદ થયેલ વીર જવાનોની શહીદીને એળે ન જવા દઇ આતંકવાદ વિરૂધ્ધ કડક કાર્યવાહી કરી સર્જીકલ સ્ટ્રાઇક અને એર સ્ટ્રાઇક કરી અસંખ્ય

# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)

Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org




આતંકવાદીઓનો ખાત્મો કર્યો હતો. આ આતંકવાદ સામેની લડાઇ માટે દુનિયાના મોટાભાગના દેશો (ચીન સિવાય) ભારતની સાથે ખભેખભા મિલાવી ઉભા રહ્યાં હતાં. ભારત દ્વારા લેવાયેલ આવા આકરા પગલાંના કારણે વિદેશોમાં ભારતની વાહવાહી થઇ. દેશમાં બેઠેલાં ૨૦૧૪ પહેલાંના શાસકોએ આતંકવાદને પોષવા માટે પ્રજાના નાણાંનો ઉપયોગ કરતાં હતાં, જેને આપણાં લોકલાડીલા પ્રધાનમંત્રીશ્રીએ રાતોરાત નોટબંધી જાહેર કરી આતંકવાદની કમર તોડી નાંખી હતી.

જેમ માછલી પાણી વિના તરફડે છે, તેમ કોંગ્રેસ અને તેને સમર્થન કરતાં પક્ષો સત્તા વિના તરફડે છે. આપણાં લોકલાડીલા પ્રધાનમંત્રીશ્રી દ્વારા દેશમાં જાહેર કરેલ અસંખ્ય સફળ યોજનાઓ કારણે વચેટીયાઓનો ધંધો બંધ કરાવી જે તે યોજનાના લાભાર્થીઓને મળતી સહાય બારોબાર તેમના ખાતામાં જમા કરાવે છે. જ્યારે અગાઉની સરકારોમાં કેન્દ્રમાંથી નિકળતો એક રૂપિયો લાભાર્થી સુધી પહોંચતા ૧૫ પૈસા જ થઇ જતો હતો, બાકીના ૮૫ પૈસા સરકારમાં બેઠેલા દલાલો ખાઇ જતાં હતાં. એક બાજુ ૫૫ વર્ષનું યુ.પી.એ.નું શાસન છે,જ્યારે બીજી બાજુ ૫૫ મહિનાનું એન.ડી.એ.નું શાસન છે. ૫૫ વર્ષમાં જે કામ નથી થયું, તે ૫૫ મહિનામાં આપણાં પ્રધાનમંત્રીશ્રીએ કરી બતાવ્યું છે. ભારતની જનતા સારી રીતે જાણે છે કે, ચોર કોણ છે અને ચોકીદાર કોણ છે.

કોંગ્રેસના વર્તમાન અધ્યક્ષશ્રી રાહુલ ગાંધી સંસદ ઉપર થયેલ હુમલાનો માસ્ટર માઇન્ડ અફઝલ ગુરૂની વરસી પર જે.એન.યુ.માં ભારતના ટુકડે ટુકડા કરનારી ગેંગના સમર્થનમાં જોડાયા હતાં. આ ચૂંટણીમાં દેશની જનતાએ નક્કી કરવાનું છે કે તે આતંકવાદનો સફાયો કરનારા પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાથે છે કે, આતંકવાદીઓને સમર્થન કરનારા રાહુલ ગાંધી સાથે ? આ ચૂંટણીમાં આપણે સૌએ નક્કી કરવાનું છે કે આ દેશ કોના હાથમાં સલામત છે ? દેશહિત માટે તેવા નેતૃત્વને જ જંગી બહુમતીથી વિજયી બનાવીએ.

આગામી તા.૨૩ એપ્રિલના રોજ ગુજરાતમાં યોજનારી લોકસભાની ચૂંટણીમાં રાષ્ટ્રભક્ત પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીને મજબૂત બનાવવા ગુજરાતના ૨૬ માંથી ૨૬ કમળ ખીલવવા દાહોદ જિલ્લાના લોકસભાના ઉમેદવાર શ્રી જશવંતસિંહ ભાભોરને જંગી બહુમતીથી વિજયી બનાવવા હાકલ કરી હતી.

(પ્રશાંત વાળા)
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ

# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)

Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org


પ્રેસનોટ-૦૪ તા. ૦૫.૦૪.૨૦૧૯

-----------

## ગુજરાત રાજ્યની તમામ લોકસભામાં
## ડીજીટલ ડાન્સીંગ ટીમ (કુલ ૧૩ ટીમ) દ્વારા
## જનજન સુધી પ્રજાકલ્યાણના કાર્યોની માહિતી પહોંચાડવામાં આવશે

-----------

ભાજપા મીડિયા સેલની અખબારી યાદી જણાવે છે કે, ગુજરાત રાજ્યની તમામ લોકસભામાં ભાજપાના બહોળા પ્રચાર-પ્રસાર તથા કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારની લોકકલ્યાણકારી યોજનાઓની જાણકારી વધુને વધુ લોકો સુધી પહોંચે તે માટે ભાજપાના પ્રચાર-પ્રસાર વિભાગે નવીનતમ્ અભિગમ અપનાવી કુલ ૧૩ જેટલી ડીઝીટલ ડાન્સીંગ ટીમ બનાવી છે.

આ ડીઝીટલ ડાન્સીંગથી ગુજરાતની તમામ લોકસભા વિસ્તારોમાં જઇ લોકો સુધી ભાજપા સરકારના કાર્યોની માહિતી પહોંચાડશે.

(પ્રશાંત વાળા)
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ